પૂર્વછાયો- વળી વડોદરે વાલ્યમે, જેહ કર્યાં જનનાં કાજ ।
સાંભળજ્યો સંક્ષેપશું, જેહ જેહ કર્યું મહારાજ ॥૧॥
સોની કુળમાં ભક્ત ભલો, ત્રિકમજી તેનું નામ ।
તેનો સુત દયાળજી, થાય ધારણા દેખે ધામ ॥૨॥
એક દિવસ કરી ધારણા, ગયા જીયાં હતા જગદીશ ।
તિયાં હતા બહુ દેવતા, કરે સ્તવન ક્રોડ્ય તેત્રિશ ॥૩॥
તેને મહારાજે પૂછિયું, તમે રાજી હો સહુ દેવ ।

તો નરનારાયણ મૂરતિ, પધરાવિએ તતખેવ ॥૪॥

ચોપાઇ- ત્યારે દેવ કહે બહુ સારું, ઘણું ગમતું છે એ અમારું ।
આ ભૂમિના છે એજ ભૂપતિ, તેની ક્યાંય નથી જો મૂરતિ ॥૫॥
માટે જરૂર કરવું એ કાજ, એમ બોલિયા સુરસમાજ ।
તે દયાળજી દેખીને આવ્યો, ત્યાંથી ખબર તે આંહિ લાવ્યો ॥૬॥
દિઠા દેવતા સમાધિમાંઇ, તેનાં કહ્યાં નામ રૂપ આંઇ ।
પામ્યા આશ્ચર્ય સહુ સાંભળી, કહું વાત એની એક વળી ॥૭॥
ત્રિકમજી કહે એનો તાત, તું સાંભળજે દયાળજી વાત ।
માગ્યે માળા તું ધારણામાંહિ, આપે નાથ તો લાવજે આંહિ ॥૮॥
બોલ્યા ઇચ્છારામ રણછોડ, નાથ હાથની માળાનો કોડ ।
મળે પ્રસાદીની ક્યાંથી માળુ, માગ્યે દિયે દયા કરી ઘાળુ ॥૯॥
કહે લાલદાસ રંગનાથ, આલે નાથ માળા તુજ સાથ ।
તો એ થકી મોટી નહિ વાત, મળે અલૌકિ માળા સાક્ષાત ॥૧૦॥
ત્યારે બોલિયા ભગવાનદાસ, નથી ગઉમુખી મુજ પાસ ।
ક્યાંથી મળે પ્રસાદીની મને, મળે તો લાવ્યે કહું છું તને ॥૧૧॥
કહે વણારશી સુણ્ય ઘાળા, મારે નથી બેરખો ને માળા ।
સહુને આપે નાથ દયા કરી, તો માગજ્યે મારું કરગરી ॥૧૨॥
સુણી સંદેશા એટલા કાને, પછી દયાળજી બેઠો ધ્યાને ।
ગયો ધારણામાં પ્રભુપાસ, અતિહેતે બોલ્યા અવિનાશ ॥૧૩॥
શું શું લેવા આવ્યો છો તું આજ, માગ્ય આપીએ કહે મહારાજ ।
ત્યારે ઘાળજી કહે સુણો નાથ, માગી માળા ષટ મુજસાથ ॥૧૪॥
એક બેરખો ગઉમુખી એક, આપો મને તો વળી વિશેક ।
પછી આપ્યાં સઘળાં એ નાથે, જાગી દયાળજી લાવ્યો સાથે ॥૧૫॥
જેણે જેણે મગાવીતી જેવી, દીધી સહુને માળાઓ તેવી ।
જાડી ઝીણી સુખડ્ય તુલસીની, આપી ગૌમુખી એક નવિની ॥૧૬॥
સહુ જોઇને આશ્ચર્ય પામ્યાં, ધન્ય સ્વામી કહી શિશ નામ્યાં ।
ભાઇયો આતો વાતમોટી કહીએ, આથી પરચો બીજો કિયો લહીએ ॥૧૭॥

વળી એક દિવસ દયાળો, કરી સમાધિ થયો સુખાળો ।
આવ્યો સમાધિમાંહિથી બાર, લાવ્યો જામફળ પાંચવાર ॥૧૮॥
ક્યારે પાંચ ક્યારે સાત સાત, લાવે સમાધિમાંથી સાક્ષાત ।
આપી પ્રસાદી ને પોત્યે લિયે, એમ પર્ચો નાથ બહુ દિયે ॥૧૯॥
ત્યાર પછી સમાધિમાં વળી, લાવ્યો પાંચ પાકી કેળાફળી ।
ત્યાર પછી બરફી બહુવાર, પેંડા પતાસાનો નહિ પાર ॥૨૦॥
સાકર વળી શ્રીફળ આદિ, નિત્ય નવી લાવે પરસાદી ।
આણે અહોનિશ અલૌકી ચીજ, કહેતાં લખતાં ન આવે તેજ ॥૨૧॥
વળી એકદિ દીનદયાળ, આવી પ્રકટ જમીયા થાળ ।
દીઠા બહુ જને બહુનામી, જમી પધાર્યા અંતરજામી ॥૨૨॥
એમ પરચા થાય છે નિત્ય, ધન્ય ધન્ય એ ભક્તની પ્રીત્ય ।
વળી વાત કહું માનો સત્ય, એનું ચોરાણું માળા રજત ॥૨૩॥
તેતો ચોરે સંતાડ્યું છે અતિ, કેને ન જડે ન પડે ગતિ ।
પછી દ્યાળજી ધારણા કરી, ગયો તિયાં જીયાં હતા હરિ ॥૨૪॥
દેખી દ્યાળને બોલ્યા મહારાજ, તારી ગઈ ચીજ આપું આજ ।
પછી એજ માળા એજ રૂપું, લઈ દયાળજી કર સોંપ્યું ॥૨૫॥
જાગી દયાળજીએ તેહ દીધું, માળા રૂપું ઓળખીને લીધું ।
જોઈ આશ્ચર્ય પામિયા જન, સહુ કહેવા લાગ્યા ધન્ય ધન્ય ॥૨૬॥
એવી અલૌકિક રીત્ય જોઈ, માને ભાગ્ય મોટું સહુ કોઈ ।
વળી વાત કહું એક બીજી, જે વાવરી છે સામર્થી શ્રીજી ॥૨૭॥
એક સોની વલ્લભજી સારો, પ્રેમી ભક્ત પ્રભુજીને પ્યારો ।
રાખે નિયમ અતિ હેત ધારી, જમે અન્ન જતને સુધારી ॥૨૮॥
પડી એકદિ જંતુની ભ્રાંત, ગયું સુખ ન રહી નિરાંત્ય ।
પછી એમ વિચારીયું મન, આજ થકી લેવું નહિ અન્ન ॥૨૯॥
તેને વીતિ ગયા બહુ દન, તોય ન થાય જમ્યાનું મન ।
કરે ભજન મહારાજતણું, તેણે રહે ખુમારીમાં ઘણું ॥૩૦॥
પછી મહારાજે મોકલ્યું કહી, એ ટેક તારે રાખવી નહિ ।

જમ્ય અન્ન તું દન આજથી, મેલી ખાવું સિધ્ધ થાવું નહિ ॥૩૧॥
કહ્યું વચન એ જ્યારે શ્રીમુખ, ત્યારે લાગી વલ્લભને ભૂખ ।
એવી સામર્થી નાથની જોઈ, કહે ધન્ય ધન્ય સહુ કોઈ ॥૩૨॥
એવી આશ્ચર્ય કારી છે વાતું, તે મેં લખતાં નથી લખાતું ।
વળી ભક્ત ખતરી વખાણું, નામ વજેસિંઘ તેનું જાણું ॥૩૩॥
તેના તનમાં આવિયો તાવ, થયો અન્ન જળનો અભાવ ।
અતિ તાવમાં તવાણું તન, તોય મુખે ન મેલે ભજન ॥૩૪॥
પછી પધાર્યા પ્રાણઆધાર, કહ્યું તાવને નિસર બાર ।
ત્યારે તાવ નિસર્યો તે વાર, મૂર્તિમાન ઉભો આવી બાર ॥૩૫॥
હતી નાથ હાથે સારી છડી, મારી તાવને ત્રણ્ય તે ઘડી ।
ભાગ્યો તાવ પાડી કાળી ચીસ, નાથ આવડી મ કરો રીસ ॥૩૬॥
હવે એના તનમાં ન આવું, આવું તો ચોર તમારો કાવું ।
એમ કાઢ્યો તાવ જનમાંથી, દઈ દર્શન પધાર્યા ત્યાંથી ॥૩૭॥
વળી ભક્ત આદિત તે કડિયો, તેને પણ તાવ તેમ ચડિયો ।
કાઢ્યો એમનો એમ મહારાજે, નાવ્યો ફરી ગયો વાજોવાજે ॥૩૮॥
એમ ઘડી ઘડી પળ પળે, બહુ પરચા જનને મળે ।
કરે રક્ષા અનંત પ્રકારે, હરે છે જન દુઃખ આ વારે ॥૩૯॥
એક ભક્ત વણિક બાપુજી, થયા સતસંગી કુસંગ તજી ।
સાચા જાણ્યા સહજાનંદ સ્વામી, બીજા જાણ્યા ક્રોધી લોભી કામી ॥૪૦॥
એમ જાણી કર્યો સતસંગ, ચડ્યો અંગે ન ઉતરે રંગ ।
કરે હરિભજન હમેશ, નહિ નિશ્ચયમાં સંશય લેશ ॥૪૧॥
એક દિવસે દર્શન કાજ, બહુ બહુ સંભાર્યા મહારાજ ।
આવ્યા નાથ અલૌકિકરૂપે, સુંદર ઘનશ્યામ સ્વરૂપે ॥૪૨॥
જોયા બાપુભાઈયે બહુનામી, પધાર્યા પ્રકટ પોત્યે સ્વામી ।
પછી ઉઠી લાગ્યો પ્રભુ પાય, નિર્ખિ હર્ષ હૈયામાં ન માય ॥૪૩॥
જાણ્યું પધાર્યા પ્રગટ પ્રમાણ, આવી મૂર્તિ ન સમજ્યો સુજાણ ।
દીધાં દર્શન સહુને બોલાવી, નિર્ખ્યા નાથ બાળ વૃધ્ધે આવી ॥૪૪॥

પછી લેવા ગયો પૂજા સાજ, ત્યાંતો ચાલી નિસર્યા મહારાજ ।
સહુ જોઈ થયાં છે થકિત, ધન્ય ધન્ય સત્સંગીની રીત ॥૪૫॥
આમ દર્શન દીયે દયાળ, એવું સુણ્યું નોતું કોઈ કાળ ।
આવા પર્ચા આપે જીયાં હરિ, નથી વાત બીજી એ ઉપરી ॥૪૬॥
ઘણા થયા થાશે અવતાર, વાળ્યો આંક વાલે આણિવાર ।
આજ આપ્યો છે જેજે આનંદ, લખી નહિ શકે નિષ્કુળાનંદ ॥૪૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીજી મહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસોને સડતાળિશમું પ્રકરણમ્ ॥૧૪૭॥